# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/EcoClub/૨૦૧૯/૫૬ — તા.૩૧/૦૧/૨૦૧૯

પ્રતિ,
-આચાર્યશ્રી
સરકારી માધ્યમિક અને ઉ.મા શાળાઓ –તમામ
જિ. ભાવનગર
-શાસનાધિકારીશ્રી, શાસનાધિકારીની કચેરી
ભાવનગર

વિષય : ભાવનગર જિલ્લાનાં ઇકો ક્લબ ઇન્ચાર્જ ટીચર્સ માટેનાં એક દિવસીય તાલીમ કાર્યક્રમ બાબત.
સંદર્ભ : નાયબ વન સંરક્ષકશ્રીની કચેરીના પત્રાંક બ/વપસ/ટે-૭/૮૬૪૫/૧૮-૧૯, તા.૩૧/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે આપની શાળામાં ઇકો ક્લબ સાથે સંકળાયેલ ભાવનગર જિલ્લાનાં શિક્ષકો માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવાનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે.

- વર્કશોપ તા.: ૦૬/૦૨/૨૦૧૯
- સમય: સવારે ૯:૦૦ થી સાંજનાં ૫:૦૦ કલાક
- સ્થળ: કોર્ટ હોલ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગર

**આપની શાળાનાં ઇકો ક્લબ સાથે સંકળાયેલ શિક્ષકને સદરહુ સેમીનારમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.**

- વર્કશોપમાં ચા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- TA/DA માટે આપની શાળાને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ રૂ. ૫૦૦૦/- માથી ખર્ચ કરવાનો રહેશે

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>**
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી - સદર કચેરી

Scanned by CamScanner

# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

ભાવનગર વન વિભાગ, બહુમાળી ભવન,
એનેક્ષી બિલ્ડીંગ, એફ-૯/૧૦, ભાવનગર
ફોન નં. ૦૨૭૮-૨૪૨૮૬૪૪, ફેક્સ નં. ૦૨૭૮-૨૪૨૭૩૧૭
e-mail. forestnormalbvn@yahoo.in OR forestnormalbvnd@gmail.com


15 YEARS OF CELEBRATING THE MAHATMA

सत्यमेव जयते

તા. ૩૧ / ૦૧/૨૦૧૯

ક્રમાંક: બ/વપસ/ટે-૭/૮૬૭૫/'૧૮-'૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,

ભાવનગર જિલ્લો,

ભાવનગર.

વિષય : ભાવનગર જિલ્લાનાં ઈકો ક્લબ ઈન્ચાર્જ ટીચર્સ માટેનાં એક દિવસીય તાલીમ કાર્યક્રમ બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, એન.જી.સી. ઈકો ક્લબ ધરાવતી શાળાઓનાં ઈકો ક્લબ ટીચર્સ ઈન્ચાર્જનું યોગદાન ખુબ જ મહત્વપૂર્ણ છે જેથી તેઓને વિવિધ પર્યાવરણની બાબતો તે અંગેનાં ઉદભવતા પ્રશ્નો વગેરેથી તેઓ અવગત રહે તો તેઓ વિદ્યાર્થીઓને આ બાબતની સમજ આપી શકે. ઈકો ક્લબ ટીચર્સને વિવિધ પર્યાવરણીય બાબતોથી અવગત કરવાનાં પ્રયાસ રૂપે વન વિભાગ, ભાવનગર અને મરીન સાયન્સ ડિપાર્ટમેન્ટનાં સંયુક્ત ઉપક્રમે એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઈકો ક્લબ સાથે સંકળાયેલ ભાવનગર જિલ્લાનાં તમામ શિક્ષકોને પર્યાવરણ સરંક્ષણ અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે. સદરહું **વર્કશોપ તા.૦૬-૦૨-૨૦૧૯ નાં રોજ સવારનાં ૯:૦૦ થી સાંજનાં ૫:૦૦ કલાક સુધી મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સીટી, ભાવનગર ખાતેનાં કોર્ટ હોલમાં રાખવાનું આયોજન છે.** તો આપની કક્ષાએથી ઇકો કલબ સાથે સંકળાયેલ તમામ શિક્ષકોને સદરહુ સેમીનારમાં ભાગ લેવા જાણ કરવા તથા સમયસર ઉપસ્થિત રહેવા જરૂરી સુચના થવા વિનંતી છે.

નાયબ વન સરંક્ષક
ભાવનગર વન વિભાગ
ભાવનગર વતી

૫૬

Scanned by CamScanner